સુપર સોલ્ટ
(આરોગ્યપ્રદ મીઠું)
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
ભોજનમાં શુદ્ધ મીઠાનો ઉપયોગ કરો
શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?
શ્વસન પ્રક્રિયા માટે | ગર્ભાવસ્થા માટે | માંસપેશીઓ માટે
પાણીની અછત સામે | સ્કીનની સાચવણી માટે | બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત. Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ વૈશાખ વદ બીજ , બુધવાર ૧૪ મે, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૬૧

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# ઘર મેં ઘૂસ કે મારેંગે: વડા પ્રધાન નરેન્દ્ર મોદી



## મોદીએ S-400 એર ડીફેન્સ સિસ્ટમ પાછળ દેખાય એ રીતે પોઝ આપીને પાકિસ્તાનનો દાવો ખોટો પાડ્યો

**નવી દિલ્હી, તા. 13:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પંજાબના આદમપુર એરબેઝની અચાનક મુલાકાત લીધી હતી અને ત્યાં હવાઇ દળના જવાનોને મળ્યા હતા. આ એરબેઝ પર મોદીએ પોતાનો એક ફોટો એવી રીતે ખેંચાવ્યો હતો કે જેને કારણે પાકિસ્તાનનો એક મોટો દાવો ખોટો સાબિત થયો હતો. મોદીએ જવાનો સામે હાથ હલાવતા પોઝ આપ્યો હતો જેમાં મોદીની પાછળ એક મિગ-૨૯ જેટ અને એસ-૪૦૦ એર ડીફેન્સ સિસ્ટમ સ્પષ્ટ જોઇ શકાય છે, જે એર ડીફેન્સ સિસ્ટમ અખંડ દેખાય છે. આ સાથે જ પાકિસ્તાનનો એ દાવો ખોટો સાબિત થઇ ગયો હતો કે તેણે રશિયન બનાવટની એવી ભારતની આ S-400 એર ડીફેન્સ સિસ્ટમ નષ્ટ કરી નાખી હતી. પાકિસ્તાને એવો દાવો કર્યો હતો કે તેના જેએફ-૧૭ ફાઇટર જેટમાંથી છોડાયેલા મિસાઇલોએ આ એરબેઝ ખાતેના આ સિસ્ટમનો નાશ કર્યો હતો.

**વડા** પ્રધાન પાકિસ્તાનથી માત્ર 100 કિમીના અંતરે આવેલા પંજાબના આદમપુર હવાઇ થાણાની અચાનક મુલાકાત લીધી, હવાઇ દળના અને તમામ સૈનિકોના શૌર્યના વખાણ કર્યા

**પાકિસ્તાનને** હવે બીજો ત્રાસવાદી હુમલો કરવા સામે ચેતવણી આપી



**નવી દિલ્હી, તા. 13 :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પાકિસ્તાન જ્યાંથી માત્ર 100 કિમી દૂર છે એવા પંજાબના આદમપુર ખાતે વાયુસેના સ્ટેશનની મુલાકાત લીધી અને બહાદુર વાયુસેનાના યોદ્ધાઓ અને સૈનિકો સાથે વાતચીત કરી હતી. તેમને સંબોધતા, વડા પ્રધાને કહ્યુ હતું કે આતંકીઓ હવે જો દુ:સાહસ કરશે તો તેમને તેમના ઠેકાણાઓમાં ઘૂસીને મારવામાં આવશે. ઘર મેં ઘૂસ કે મારેંગે એમ કહેતા મોદીએ કહ્યું હતું કે ભારતીય દળોએ એ બતાવી દીધું છે કે પાકિસ્તાનમાં આતંકીઓ માટે કોઇ જગ્યા સલામત નથી, જ્યાં તેઓ શાંતિથી શ્વાસ લઇ શકે.

ભારતના સશસ્ત્ર દળોની હિંમત અને દૃઢ નિશ્ચયની પ્રશંસા કરતા, તેમણે લાખો ભારતીયોના હૃદયને ગર્વથી ભરી દીધા હોવાનું જણાવીને, મોદીએ ટિપ્પણી કરી કે આજે દરેક ભારતીય તેમની અપ્રતિમ બહાદુરી અને ઐતિહાસિક સિદ્ધિઓને કારણે ગર્વભેર ઉભો છે. તેમણે ઉમેર્યું કે બહાદુર નાયકોની મુલાકાત લેવી ખરેખર એક મહાન ભાગ્યની વાત છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જ્યારે દાયકાઓ પછી રાષ્ટ્રની વીરતાની ચર્ચા થશે, ત્યારે આ મિશનનું નેતૃત્વ કરનારા સૈનિકો સૌથી વધુ પ્રખ્યાત વ્યક્તિઓ હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેઓ ફક્ત વર્તમાન માટે જ નહીં પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. બહાદુર યોદ્ધાઓની ભૂમિમાંથી સશસ્ત્ર દળોને સંબોધતા, તેમણે વાયુસેના, નૌકાદળ, ભૂમિદળ અને સરહદ સુરક્ષા દળ (BSF)ના બહાદુર જવાનોને સલામ કરી હતી. તેમણે તેમના વીર પ્રયાસોની પ્રશંસા કરતા કહ્યું કે ઓપરેશન સિંદૂરની અસર સમગ્ર દેશમાં ગુંજી રહી છે. તેમણે નોંધ્યું કે ઓપરેશન દરમિયાન, દરેક ભારતીય સૈનિકો સાથે મજબૂત રીતે ઉભો રહ્યો, પ્રાર્થના અને અટલ સમર્થન આપ્યું. તેમણે સમગ્ર રાષ્ટ્રનો તેમના સૈનિકો અને તેમના પરિવારો પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કરી, તેમના બલિદાનને માન્યતા આપી હતી. તેમણે નોંધ્યું કે જ્યારે ભારતીય સૈનિકો 'ભારત માતા કી જય' ના નારા લગાવે છે, ત્યારે તે દુશ્મનની કરોડરજ્જુમાં ધ્રુજારી ફેલાવે છે. ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે

...અનુસંધાન પાના 11 પર

### આતંક કે વિરુદ્ધ ભારત કી લક્ષ્મણ રેખા એકદમ સ્પષ્ટ હૈ... અબ ફિર કોઈ આતંકી હુમલો હુઆ તો ભારત જવાબ દેગા, પક્કા જવાબ દેગા

"આતંક કે વિરુદ્ધ ભારત કી લક્ષ્મણ રેખા એકદમ સ્પષ્ટ હૈ. અબ ફિર કોઈ આતંકી હુમલો હુઆ તો ભારત જવાબ દેગા, પક્કા જવાબ દેગા. (આતંકવાદ વિરુદ્ધ ભારતની લક્ષ્મણ રેખા હવે સ્પષ્ટ છે. ભારત જવાબ આપશે અને જો કોઈ આતંકવાદી હુમલો થશે તો ચોક્કસપણે જવાબ આપશે), "તેમણે 27 મિનિટથી વધુના ભાષણમાં કહ્યું હતું.

### આદમપુર એરબેઝ નષ્ટ કર્યું હોવાનો પાકિસ્તાનનો દાવો ખોટો સાબિત થઇ ગયો

વડાપ્રધાન મોદીએ આજે આદમપુર એરબેઝની મુલાકાત લીધી અને ત્યાં પ્રવચન કર્યું તે બાબતનું એક બીજી રીતે પણ ઘણુ મહત્વ હતું. પાકિસ્તાને દાવો કર્યો હતો કે તેણે પંજાબનું આદમપુર એરબેઝ નષ્ટ કર્યું છે અને તેની એસ-૪૦૦ એર ડીફેન્સ સિસ્ટમ પણ નષ્ટ કરી છે. પણ વડાપ્રધાને આ જ એરબેઝની મુલાકાત લીધી અને તેમની સાથે આ એરબેઝના બેકગ્રાઉન્ડ અને એસ-૪૦૦ સિસ્ટમની બહાર આવેલી તસવીરોએ પાકિસ્તાનન દાવો ખોટો સાબિત કરી દીધો છે.





### દિલ્હી ડાયરી

#### પ્રમુખનું પદ છોડવા છતાં શાહનું ભાજપા પર નિયંત્રણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખ્યાલયની મુલાકાત લે તે પહેલાં દિલ્હીમાં વર્તમાન વ્યવસ્થાના બીજા સૌથી શક્તિશાળી નેતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આરએસએસના નવા બનેલા દિલ્હી મુખ્યાલય કેશવ કુંજની મુલાકાત લીધી હતી. દિલ્હીમાં જૂના બેરેક પ્રકારની ઇમારતને બદલે અનેક ટાવરો ધરાવતા નવા આરએસએસ સંકુલની શાહની મુલાકાતને પણ વૈચારિક અભિભાવક સાથે પુલ બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી હતી. અફવા એવી છે કે દિવ્ય મોદીના 'અહંકાર' કરતાં આરએસએસ નેતૃત્વ શાહથી વધુ નારાજ છે. ઘણા બીજેપી નેતાઓએ આરએસએસને કહ્યું હોવાનું જાણવા મળે છે કે 2020માં પાર્ટી પ્રમુખનું પદ છોડવા છતાં શાહ પાર્ટી પર નિયંત્રણ રાખવાનું ચાલુ રાખે છે. તેઓ મહત્ત્વપૂર્ણ પાર્ટી વ્યૂહરચના બેઠકો યોજે છે અને સરકારમાં અને સંગઠનમાં પણ નિમણૂકોમાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેખીતી રીતે, આ બધાને કારણે આરએસએસને ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના આગામી પ્રમુખ માટે એક મજબૂત સંગઠનાત્મક નેતા બનવા માટે મજબૂત

...અનુસંધાન પાના 11 પર

## ચોમાસુ બંગાળના અખાત, નિકોબાર ટાપુ સુધી પહોંચી ગયું: હવામાન ખાતું

**નૈઋત્યના** ચોમાસાને આગાળ વધવા માટે અનુકૂળ સ્થિતિઓ છે

**આ વખતે** કેરળમાં ચોમાસુ ૨૭મી મેએ બેસી જવાની આગાહી છે

**નવી દિલ્હી, તા. 13 (PTI):** ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે, મંગળવારે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ દક્ષિણ બંગાળની ખાડી, દક્ષિણ આંદામાન સમુદ્ર, નિકોબાર ટાપુઓ અને ઉત્તર આંદામાન સમુદ્રના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં નિકોબાર ટાપુઓમાં મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે. આ સમયગાળા દરમિયાન દક્ષિણ બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને આંદામાન સમુદ્ર પર પશ્ચિમી પવનોની મજબૂતાઈ અને ગાઢતામાં વધારો થયો હતો, જેમાં સમુદ્ર સપાટીથી 1.5 કિમી ઉપર પવનની ગતિ 20 નોટથી વધુ હતી અને કેટલાક વિસ્તારોમાં 4.5 કિમી સુધી પહોંચી હતી. વાદળોનો ઘેરાવો દર્શાવતું આઉટગોઈંગ લોંગવેવ રેડિયેશન (OLR) પણ આ

...અનુસંધાન પાના 11 પર

## ભારત રશિયા પાસેથી વધુ S-400 મિસાઈલ ડીફેન્સ સિસ્ટમ ખરીદવા માગે છે: સૂત્રો

**પાકિસ્તાન** સાથેના હાલના સંઘર્ષમાં આ સિસ્ટમ ખૂબ જ સચોટ અને ઘાતક પુરવાર થઇ છે

**નવી દિલ્હી, તા. 13 :** ઓપરેશન સિંદુર દરમ્યાન એસ-૪૦૦ હવાઈ સંરક્ષણ પ્રણાલીના સફળ દેખાવ પછી ભારતે પોતાનું હવાઈ સંરક્ષણ વધુ મજબૂત કરવા માટે રશિયા પાસે આવા વધુ યુનિટો મેળવવા માટે વિનંતી કરી હોવાનું કહેવાય છે.

રશિયન બનાવટની આ એસ-૪૦૦ એર ડીફેન્સ સિસ્ટમ પાકિસ્તાનના મિસાઈલો અને ડ્રોન્સ માટે ઘાતક પુરવાર થઈ છે અને તેણે ઘણા મિસાઈલો અને ડ્રોન તોડી પાડ્યા હોવાના અહેવાલ છે. તે ૬૦૦ કિમી સુધીના અંતરેથી પણ મિસાઈલોને ટ્રેક અને ટાર્ગેટ કરી શકે છે, ૪૦૦ કિમી સુધી ઈન્ટરસેપ્ટ કરી શકે છે

ઓપરેશન સિંદૂર દરમિયાન S-૪૦૦ એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમના સફળ ઉપયોગ બાદ, ભારતે પ્લેટફોર્મના વધારાના યુનિટ્સ માટે ઔપચારિક રીતે રશિયાનો સંપર્ક કર્યો છે, એમ ઉચ્ચ સ્તરીય સંરક્ષણ સૂત્રોએ એક મીડિયા ગૃહને જણાવ્યું હતું.

રશિયન બનાવટની S-૪૦૦ સિસ્ટમ્સ, જે ભારતીય સૈન્ય સાથે પહેલાથી જ કાર્યરત છે, તેણે તાજેતરના સંઘર્ષ દરમિયાન પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલા મિસાઈલો અને ડ્રોનને અટકાવવા અને નિષ્ક્રિય કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઓપરેશનથી પરિચિત અધિકારીઓના જણાવ્યા અનુસાર આ સિસ્ટમે પશ્ચિમ સરહદ પારથી સર્જાતા હવાઈ ખતરાઓનો સામનો કરવામાં ઉચ્ચ ચોકસાઈ અને અસરકારકતા દર્શાવી હતી. આ કામગીરીથી પ્રોત્સાહિત થઈને, ભારતે રશિયા પાસેથી વધુ ડિલિવરી માંગીને તેની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓનો વિસ્તાર કરવા માગે છે. સૂત્રોએ એ પણ સંકેત આપ્યો

...અનુસંધાન પાના 11 પર

## એપ્રિલમાં છૂટક મોંઘવારી છ વર્ષના નીચા સ્તરે પહોંચ્યો

**છૂટક** ફુગાવાનો દર ૩.૧૬ ટકા થયો, ખોરાકી ચીજવસ્તુઓના ઓછા ભાવ એક મહત્વનું કારણ

**રિઝર્વ** બેન્ક તેની આગામી નીતિ સમીક્ષામાં ફરી દર ઘટાડો કરે તેવી આશા

**નવી દિલ્હી, તા. 13:** એપ્રિલ મહિનામાં ભારતનો છૂટક મોંઘવારી દર ઘટીને 3.16 ટકા પર આવી ગયો છે. છેલ્લા છ વર્ષમાં આ સૌથી નીચલું સ્તર છે. માર્ચમાં આ દર 3.34 ટકા હતો. આ ઘટાડાનું કારણ ખાદ્ય પદાર્થોના ભાવમાં વધુ નરમાશ છે. આ સતત ત્રીજો મહિનો છે, જ્યારે ફુગાવો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના મધ્યમ ગાળાના 4 ટકાના લક્ષ્યથી નીચે રહ્યો છે.

ગ્રાહક ભાવસૂચક આંક આધારિત છૂટક ફુગાવ માર્ચમાં ૩.૩૪ ટકા અને ગયા વર્ષના એપ્રિલમાં ૪.૮૩ ટકા હતો. તે હાલના દર કરતા વધુ નીચો જુલાઇ ૨૦૧૯માં હતો જ્યારે તે ૩.૧૫ ટકા હતો. એટલે કે તે હાલ છ વર્ષના સૌથી નીચા દરે પહોંચ્યો છે અને તેના કરણે આરબીઆઇ તેના દરમાં વધુ ઘટાડો કરી શકે છે. આ પહેલા તેણે આ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં મળીને કુલ ૫૦ બેઝિસ

...અનુસંધાન પાના 11 પર

## જમ્મુ-કાશ્મીરના શોપિયામાં એન્કાઉન્ટર, ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા

**આતંકવાદીઓ** લશ્કર-એ-તોયબાના હતા, બેની ઓળખ થઈ



**શ્રીનગર, તા. 13 (PTI).** અધિકારીઓએ જણાવ્યું હતું કે, મંગળવારે જમ્મુ અને કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના ટોચના કમાન્ડર શાહિદ કુટ્ટે સહિત ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે.

દક્ષિણ કાશ્મીર જિલ્લાના શુક્રુ કેલર વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે ચોક્કસ માહિતીના આધારે સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ દળો પર અંધાધૂંધ ગોળીબાર કર્યા બાદ સર્ચ ઓપરેશન એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું હતું.

ગોળીબારમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. એમ અધિકારીએ જણાવ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓ લશ્કર-એ-તોયબાના હતા. તેમણે બંનેની ઓળખ શાહિદ કુટ્ટે અને અદનાન શફી તરીકે કરી છે. ત્રીજા આતંકવાદીની ઓળખ કરવામાં આવી રહી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, શોપિયાના છોટીપોરા હીરપોરા વિસ્તારનો રહેવાસી કુટ્ટે, જે માર્ચ ૨૦૨૩માં આતંકવાદી રેન્કમાં જોડાયો હતો, તે 'એ' શ્રેણીનો આતંકવાદી હતો અને સંગઠનનો ટોચનો કમાન્ડર હતો.

અધિકારીએ કહ્યું કે કુટ્ટે અનેક આતંકવાદી ઘટનાઓ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હતો, જેમાં 18 મે, 2024ના રોજ હીરપોરામાં ભાજપના સરપંચની હત્યાનો પણ સમાવેશ થાય છે.

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૩-૦૫-૨૦૨૫નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૪° સે. | ૨૭.૪° સે. | ૪૪% |


આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ®
ટ્રીટમેન્ટ કિલીનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ,જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
"મારા બંને ઘુંટણ મારી જીંદગીના હમસફર છે. એમાં ઘસારાને લીધે અત્યંત દુ:ખાવો, સોજો તથા જકડાહટ થવાના કારણે મારી જીંદગી જાણે ઠપ્પ થઈ ગઈ હતી. ટેબ કિલનીક્સ સુરત શાખના શુધ્ધ આયુર્વેદીક ઉપચારથી હું આજે મારા ઘસાએલા ઘુંટણને ફરી સંપૂર્ણ સ્વસ્થ સ્વરૂપમાં પાછા મેળવી શકી છું."
આમ કહેવું છે ટેબ કિલનીક્સ, સુરત ખાતે સંપૂર્ણ સારા થએલા ૬૩ વર્ષીય શ્રીમતિ નયનાબેન પટેલનું
વ્યવસાય : ગૃહિણી, સરનામું : નાણાવટ ફળિયું, મુ.પો.-સાંધિયેર, તાલુકો-ઓલપાડ, જી-સુરત-૩૯૪૧૩૦



ટેબ નો શુધ્ધ આયુર્વેદિક ઉપચાર કર્યા પહેલા
(૧) કમર, બંને ઘુંટણ, બંને કોણી તથા હાથના આંગળાઓમાં ૨ વર્ષથી સખત દુ:ખાવો, સોજો તથા જકડાહટ રહેતા હતા.
(૨) કમરના દુ:ખાવાને લીધે બંને પગની નસો ખેંચાતી હતી, ઝણઝણાટી થતી હતી તથા જમીન પર બેસી શકાતું ન હતું.
(૩) બંને ઘુટણોમાં સખત દુ:ખાવા તથા સોજાને કારણે પલાંઠી વાળી શકાતી ન હતી, દાદરા ચડવા-ઉતરવામાં સહારો લેવો પડતો હતો.
(૪) થોડો વધુ વખત ઉભા રહેવાનું કે થોડું વધુ ચાલવાનું અશક્ય હતું.
(૫) ખોડું-ખોડું ચલાતું હોવાના કારણે બહાર જવાનું બિલકુલ ગમતું ન હતું.
(૬) કોણી તથા આંગળાઓમાં દુ:ખાવાને લીધે થોડું પણ વજન ઊંચકી શકાતું ન હતું.

ટેબ નો શુધ્ધ આયુર્વેદિક ઉપચાર કર્યા પછી
(૧) બંને ઘુંટણ પરના સોજા ઊતરી ગયા છે, બધા સાંધા તથા સ્નાયુઓના દુ:ખાવામાં રાહત મળી છે.
(૨) કમરનો દુ:ખાવો બિલકુલ મટી જવાના કારણે નસોનું ખેંચાણ તથા ઝણઝણાટી બંધ થએલ છે.
(૩) પલાંઠી વાળીને, જમીન પર તથા ઊભડક પગે આરામથી બેસી શકાય છે.
(૪) દાદરા ચડવા-ઉતરવામાં હવે બિલકુલ તકલીફ પડતી નથી.
(૫) લાંબો સમય ઊભા રહીને રસોઈ વ. કામો કરી શકાય છે તથા ચાલીને ક્યાંય પણ જવાનું હોય તો ઉત્સાહપૂર્વક જઈ શકાય છે.
(૬) રોજીંદા કામકાજ માટે તથા સામાજીક પ્રસંગોમાં આરામથી સ્વસ્થપણે જઈ શકાય છે.

દર્દી ની સહી

✓ ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્દભુત મિશ્રણ છે.
✓ ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે,તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
✓ ટેબ કિલનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતું પોતાની જ ગ્રૂપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપુર્ણ ઉપચાર કરે છે.
✓ ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
✓ શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક વેદનાશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી.,એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.